# ધોરણ-11
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર | OCM1101.1, OCM1101.2, OCM1101.3, OCM1101.4, OCM1101.5, OCM1101.6 OCM1103.1 | ● સ્વાધ્યાય-4 (1) તમારી આસપાસ થતી આર્થિક અને બિનઆર્થિક પ્રવૃત્તિઓનું વર્ગીકરણ કરી યાદી બનાવો.<br>● 4(4) તમારા વિસ્તારમાં આવેલી ધંધાની પ્રવૃત્તિઓ, વ્યવસાયની પ્રવૃત્તિઓ અને રોજગારની પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરો. |
| 2. ધંધાકીય સેવાઓ-1 | OCM1101.6 | ● 4(7) તમારા નજીકના વિસ્તારમાં આવેલી પોસ્ટ ઑફિસ દ્વારા કઈ સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેની યાદી તૈયાર કરો.<br>● 4(8) IMO અને EMO વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. |
| 3. ધંધાકીય સેવાઓ-2 | OCM1101.6<br>OCM1102.6 | ● 4(1) (c) અને (d)ની જગ્યાએ નીચે મુજબનો પ્રશ્ન ઉમેરવો. |
| | | ● NEFT અને RTGS વચ્ચેનો તફવત સ્પષ્ટ કરો. |
| | | ● 3(6) ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો. |
| | | ● 3(7) બેન્કમાંથી લોન લેતી વખતે કયા આધાર-પુરાવાની જરૂર પડે છે. |
| | | ● 3(8) બેન્કોના નામની યાદી તૈયાર કરો. |
| 4. માહિતીસંચાર, ઈ-કોમર્સ અને આઉટ સોર્સિંગ | OCM1102.5<br>OCM1102.6 | – |

## ધોરણ-11
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 5. ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો-1 | OCM1102.1 | • 5.(5) ભાગીદારીના પ્રકારો વિશે સમજૂતી આપો. |
| 6. ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો-2 | OCM1102.1 | • 3(7) સહકારી મંડળીના ઉદાહરણ આપો.<br>• 3(8) ખાનગી કંપનીના ઉદાહરણ આપો.<br>• 3(9) જાહેર કંપનીના ઉદાહરણ આપો. |
| 7. જાહેરક્ષેત્ર, ખાનગી ક્ષેત્ર અને વૈશ્વિક સાહસો | OCM1102.3<br>OCM1102.4 | – |
| 8. ધંધાકીય મૂડીના પ્રાપ્તિના સ્થાનો | OCM1101.7<br>OCM1103.3 | • 4(8) શૅર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. |
| 9. આંતરિક વેપાર | OCM1103.1<br>OCM1103.2 | – |
| 10. આંતરરાષ્ટ્રીય વેપાર | OCM1103.1<br>OCM1103.2 | – |
| 11. ધંધાની સામાજિક જવાબદારીઓ | OCM1101.8<br>OCM1101.9 | – |

નોંધ : પ્રકરણ-4 પાઠ્યપુસ્તક અનુસાર મુદ્દા ક્રમાંક 4.1 અને 4.2ના વિષયવસ્તુ કોઈ અધ્યયન નિષ્પત્તિ સાથે સંકળાયેલ નથી.

# ધોરણ-12
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. સંચાલનનું સ્વરૂપ અને મહત્ત્વ | OCM1201.1, OCM1102.2, OCM1202.3, OCM1201.4, | – |
| 2. સંચાલનના સિદ્ધાંતો | OCM1201.5 | – |
| 3. આયોજન | OCM1201.3 | – |
| 4. વ્યવસ્થાતંત્ર | OCM1201.3 | • 4(5) રૈખિક અને કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રનો તફાવત સ્પષ્ટ કરો. |
| | | • 4(6) વૈધિક અને અવૈધિક વ્યવસ્થાતંત્રનો તફાવત સ્પષ્ટ કરો. |
| 5. કર્મચારી વ્યવસ્થા | OCM1201.3 | – |
| 6. દોરવણી | OCM1201.3 | • 4(7) નાણાકીય અને બિન-નાણાકીય પ્રોત્સાહન વચ્ચે તફાવત સ્પષ્ટ કરો. |
| 7. અંકુશ | OCM1201.3 | – |
| 8. નાણાકીય સંચાલન | OCM1202.2 | – |
| 9. નાણાકીય બજાર | OCM1202.1, OCM1203.1 | • 3(8) મૂડી બજાર અને નાણા બજાર વચ્ચે તફાવત સ્પષ્ટ કરો.<br>• 3(9) સંગઠિત નાણાં બજાર અને અસંગઠિત નાણા બજાર વચ્ચે તફાવત સ્પષ્ટ કરો.<br>• 3(10) થાપણનું પ્રમાણપત્ર અને બાંધી મુદતની થાપણ રસીદ વચ્ચે ભેદ સ્પષ્ટ કરો. |
| 10. બજાર પ્રક્રિયા સંચાલન | OCM1202.3 | • 5(5) તમે એક જાગૃત ગ્રાહક તરીકે ખોટી જાહેરાત સામે કઈ રીતે વિરોધ દર્શાવશો. |
| 11. ગ્રાહક સુરક્ષા | OCM1202.4 | – |
| 12. ધંધાકીય પર્યાવરણ | OCM1203.2, OCM1203.3 | – |

**નોંધ :-**

1. અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક OCM1204 1204.1. 1204.2 અને 1204.2 અનુસાર પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુનો સમાવેશ કરેલ નથી. આ અધ્યયન નિષ્પત્તિ અનુસાર વિષયવસ્તુ Add કરવું પડે તેમ છે.
2. પ્રકરણ 8ના મુદ્દા ક્રમાંક (પાઠ્યપુસ્તક અનુસાર) 8.1, 8.3, 8.4 અને 8.5નો ઉલ્લેખ (વિષયવસ્તુનો) કોઈ અધ્યયન નિષ્પત્તિમાં જોવા મળેલ નથી.
3. પ્રકરણ 10ના મુદ્દા ક્રમાંક (પાઠ્યપુસ્તક અનુસાર) 10.1, 10.2, 10.3 (10.3.1 થી 10.3.4)ના વિષયવસ્તુ કોઈ અધ્યયન નિષ્પત્તિ સાથે સંકળાયેલ નથી.

# ધોરણ-11, 12
# વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
## અધ્યયન નિષ્પત્તિ

**પ્રસ્તાવના :**

અભ્યાસ ક્ષેત્ર તરીકે વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલનનું વિષયવસ્તુ સંચાલનની શિસ્ત, નાણાં, બજારપ્રક્રિયા, માનવ સંસાધન વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાની શાખાઓથી બને છે. આ વિષય વિદ્યાર્થીઓને સુવિધા પૂરી પાડી પ્રોત્સાહિત કરે છે કે, ધંધાકીય પ્રવૃત્તિઓ એ સમાજનું એક અભિન્ન ઘટક છે અને ઘણા સામાજિક અને નૈતિક મુદ્દાઓની સમજ વિકસાવે છે. ગ્રામીણ વિકાસ અને વૃદ્ધિ, ધંધાકીય સામાજિક જવાબદારી, સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો, નવીનતા અને ઉદ્યોગ સાહસિકતા, નાણાકીય સંચાલનની સમજ, બૌદ્ધિક સંપત્તિ, હકો, ગ્રાહક સુરક્ષા, પર્યાવરણીય રક્ષણ અને સંસાધનોનું રક્ષણ વગેરે આ વિષયના મુખ્ય ઘટકો છે.

વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિદ્યાર્થીઓને આર્થિક, રાજકીય, કાનૂની અને સામાજિક વાતાવરણનું વહીવટ/વ્યવસ્થા/સંચાલન, મૂલ્યાંકન અને પ્રતિભાવ આપવા માટે તૈયાર કરે છે. જે ધંધાકીય કામગીરીને અસર કરે છે અને તેની આંતરક્રિયાનું વિશ્લેષણ કરે છે. આ વિષય સમાવિષ્ટતા, વૃદ્ધિ અને ટકાઉ વિકાસના મુદ્દા લાવીને તેના આધારને વિસ્તૃત કરે છે. જેથી ઉત્પાદક તકો અને યોગ્ય સમાનતા પર આવકના નિર્માણ માટે લાભ મેળવી શકાય છે. તકનીકી (ટૅક્નોલોજી)ની ક્રાંતિએ ઈ-બેંકિંગ, ઇ-માર્કેટીંગ, ઇ-કોમર્સ, ઇ-ફાઈનાન્સ, ઇ-ઈન્વેસ્ટમેન્ટ (કાગળ વગરનો વેપાર) જેવાં નવાં પરિમાણો પૂરાં પાડ્યાં છે અને હાલના સમયમાં તેનું મહત્ત્વ જોઈ રહ્યા છીએ.

- **અભ્યાસક્રમની અપેક્ષાઓ :**

1. ધંધાનું ગતિશીલ સ્વરૂપ, તેના પર્યાવરણ અને સમાજના આંતર સંબંધિત પાસાઓની સમજ વિકસિત કરવી.
2. ધંધાકીય પ્રવૃત્તિના આર્થિક અને સામાજિક મહત્ત્વને યોગ્ય રીતે પ્રોત્સાહિત કરો અને તેના મહત્ત્વની યોગ્ય મૂલવણી કરવી.
3. સમાજના જવાબદાર નાગરિકો તરીકે કાર્ય કરવા માટે ધંધાકીય એકમોને લાગુ માનવાધિકાર અને બાળ અધિકારથી સંબંધિત બંધારણીય જોગવાઈઓ અને મજૂર કાયદાઓની યોગ્ય મૂલવણી કરવી.
4. વિદ્યાર્થીઓના મનમાં શાળા કક્ષાએથી જ એવી સમજ આપો કે દુનિયામાં કામકાજમાં સફળતા માટે ઉદ્યોગ સાહસિકતાની કુશળતાની સાથે જ સ્વરોજગાર પ્રાપ્ત કરવાની ક્ષમતા પણ જરૂરી છે.



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Vanijya_vyavastha

# ધોરણ-11
# વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી પ્રોત્સાહિત કરવા જોઈએ.** | OCM1101 | **વિદ્યાર્થી....**<br>ધંધામાં માન્યતા આપે છે, આંતર સંબંધ દર્શાવે છે અને પ્રક્રિયાની વિભાવનાઓ (ખ્યાલો) ઓળખે છે. |
| • સમુદાયમાં રહેતા લોકોની રોજિંદી (રોજબરોજ)ની પ્રવૃત્તિઓનું અવલોકન કરવું અને સ્વ રોજગાર, વેતન રોજગાર અને આત્મ સંતોષ માટે કામ કરવાનાં ઉદાહરણોનો સંદર્ભ આપીને કોષ્ટક સ્વરૂપે યાદી તૈયાર કરાવવી.<br>• ધંધાને આર્થિક પ્રવૃત્તિ તરીકે ઓળખ આપવી.<br>• ધંધા અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ વચ્ચે ઉદાહરણ સહિત તુલના કરવી.<br>• ધંધાના સામાજિક પાસાંની મૂલવણી કરવી.<br>• ધંધાકીય સામયિકો અને વર્તમાનપત્રોમાંથી લેખો એકત્રિત કરવા અને વાંચવા તથા નીચેના વિષયો પર પ્રોજેક્ટ (પ્રકલ્પ) બનાવવા.<br>(i) કોઈપણ ધંધાકીય સાહસની ધંધાકીય સામાજિક જવાબદારી<br>(ii) ધંધાકીય બાબતો દ્વારા અપનાવવામાં આવતી નૈતિક પ્રથાઓ | OCM1101.1<br>OCM1101.2<br>OCM1101.3<br>OCM1101.4<br>OCM1101.5<br>OCM1101.6<br>OCM1101.7<br>OCM1101.8<br>OCM1101.9 | આર્થિક અને બિન આર્થિક પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત (ભેદ) સ્પષ્ટ કરે છે.<br>ધંધા શબ્દને વ્યાખ્યાયિત કરે છે.<br>આર્થિક પ્રવૃત્તિઓને વ્યવસાય, રોજગાર અને ધંધામાં વર્ગીકૃત કરે છે.<br>ધંધાની લાક્ષણિકતાને આર્થિક પ્રવૃત્તિ તરીકે સમજાવે છે.<br>ઉદ્યોગ અને ધંધાથી વેપારને અલગ પાડે છે.<br>વેપારને સહાયક સેવાઓ અને આર્થિક પ્રવૃત્તિઓ વચ્ચે તુલના કરે છે જેવી કે બૅંકિંગ, વીમો, વાહનવ્યવહાર, વખાર અને જાહેરાત<br>જોખમ અને વળતર વચ્ચેનો સંબંધ દર્શાવે છે.<br>ધંધાના નફામાં વધારો કરવાના ઉદ્દેશ (હેતુ) સામે વિવિધ સામાજિક જવાબદારીનું વર્ણન કરે છે.<br>ધંધાના વિકાસમાં નીતિમત્તા (નૈતિકતા)ના મહત્ત્વ વિશે ચર્ચા કરે છે. |
| | **OCM1102** | **વિદ્યાર્થી....**<br>**ધંધાકીય સ્વરૂપોનું વર્ગીકરણ અને તુલના કરે છે.** |
| • ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપોની યોગ્ય પસંદગી કરવાનાં પરિબળોની ચર્ચા કરવી.<br>• ધંધાકીય પ્રવૃત્તિઓમાં ઈ-બેંકિંગ અને ડિજીટલ ચૂકવણીની ભૂમિકાની ઓળખ (સમજ) આપવી.<br>• કોવિડ-૧૯ લોકડાઉન સમયગાળા દરમિયાન વર્ચ્યુઅલ માર્કેટ (અભૌતિક/કાલ્પનિક બજાર), ઓનલાઈન ખરીદી | OCM1102.1<br>OCM1102.2<br>OCM1102.3<br>OCM1102.4 | ધંધાકીય વ્યવસ્થાનાં સ્વરૂપો વચ્ચે તફાવત સ્પષ્ટ કરે છે.<br>કંપનીની સ્થાપના માટેના દસ્તાવેજોના પ્રકારોનું ઉદાહરણ સહિત સમજ મેળવે અને વર્ણન કરે છે.<br>અર્થતંત્રમાં જાહેરક્ષેત્રની બદલાતી ભૂમિકાનું પરીક્ષણ કરે છે.<br>સંયુક્ત સાહસો અને જાહેર ખાનગી ભાગીદારીના ફાયદાઓનું વર્ણન કરે છે. |

# ધોરણ-11
# વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| અને વેચાણને ડિજિટલ સ્વરૂપો સાથેની આવક અને ચૂકવણીની સાથે કેવી રીતે સુસંગત કરાય છે તે અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. ભૌતિક દુકાનો અને બજારો બંધ થઈ ગયા હતા અને લોકોને તેમના મકાનોની અંદર રહેવાની ફરજ પડી હતી, ત્યારે કેવી રીતે જરૂરી વસ્તુઓ દરેકના ઘર સુધી પહોંચતી હતી.<br>(i) વિદ્યાર્થીઓ સાથે ઈ-કોમર્સના કાર્યક્ષેત્રની મૂલવણી કરવી.<br>(ii) ડિજિટલ તંત્ર/વ્યવસ્થાના પ્રકારો (સ્વરૂપો)થી ફંડનું ડિજિટલ ફેરબદલી કરતી વખતે રકમની ચૂકવણી અને સુરક્ષાની કાળજી પર નાના પ્રોજેક્ટ (પ્રકલ્પ) (સચિત્ર સ્કેપ બુક) તૈયાર કરવા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા.<br>(iii) ઓનલાઈન ખરીદ વેચાણ અને ડિજિટલ ચૂકવણી દરમિયાન કેવા પ્રકારની સાવચેતી રાખવી જોઈએ તેના અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા. | OCM1102.5<br><br>OCM1102.6 | પરંપરાગત (ભૌતિક) ધંધા અને ઈ-કોમર્સ વચ્ચે તફાવત કરે છે.<br><br>ડિજિટલ ચૂકવણીઓ અને ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (વિજાણુ નાણાં ફેરબદલી) તંત્રના ફાયદા અને મર્યાદાઓની ચર્ચા કરે છે. |
| | **OCM1103** | **વિદ્યાર્થી....**<br>**ધંધાનાં પરિદશ્યોનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરે છે.** |
| • ગ્રામીણ વિકાસ અને આઈપીઆર (IPRs - Intellectul Property Rights) ના પ્રોત્સાહનમાં એમએસએમઈ (MSMEs - Micro, Small and Medium Enterprise)ની ભૂમિકાની ઓળખ આપવી.<br>• ધંધાકીય એકમમાં નાણાંના મહત્ત્વની સમજ આપવી. | OCM1103.1<br><br>OCM1103.2<br><br>OCM1103.3 | વેપાર અને વાણિજયના અવરોધકના પ્રકારોનું વિશ્લેષણ કરે છે.<br><br>દેશના આર્થિક વિકાસમાં ઉદ્યોગ સાહસિકતા અને નવીનીકરણ માટે યોગદાન (ફાળો) આપે છે.<br><br>ધંધાકીય મૂડીનાં પ્રાપ્તિસ્થાનોની ગણતરી કરી અને ધંધાના વિસ્તરણની જરૂરિયાતો માટે, ભંડોળ મેળવવા માટે, યોગ્ય પ્રાપ્તિસ્થાન પસંદ કરે છે. |

# ધોરણ-12
# વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી પ્રોત્સાહિત કરવા જોઈએ.** | **OCM1201** | **વિદ્યાર્થી....**<br>**ધંધામાં માન્યતા આપે છે, આંતર સબંધ દર્શાવે છે અને પ્રક્રિયાની વિભાવનાઓ (ખ્યાલો) ઓળખે છે.** |
| ● ભારતમાં કાર્યરત મોટા ધંધાકીય ગૃહોની સફળતાની વાર્તાઓ/સમયરેખા શોધવી અને ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપોના વિકાસ માટેનું સંચાલન કેટલું મહત્ત્વપૂર્ણ છે તે સમજવા માટે તેને વાર્તા સ્વરૂપે વર્ણન કરવું.<br>● સંચાલનના વિકાસમાં એફ.ડબલ્યુ ટેલર અને હેનરી ફેયોલના યોગદાન (પ્રદાન)ની પ્રશંસા કરવી.<br>● ધંધાને અસરકારક રીતે સંચાલિત કરવા માટે ટેલરના વૈજ્ઞાનિક સંચાલનના સિદ્ધાંતો અને હેનરી ફેયોલના સંચાલનના સિદ્ધાંતોનો તુલનાત્મક આલેખ તૈયાર કરવો. | OCM1201.1<br>OCM1201.2<br>OCM1201.3<br>OCM1201.4<br>OCM1201.5 | સંચાલનને વ્યાખ્યાયિત કરે છે. સંસ્થાના (ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપોના) સંચાલનને કઈ બાબતો વ્યાપક અને સતત બનાવે તે સમજાવે છે.<br>ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપોને અસરકારક રીતે સંચાલિત કરવાના મહત્ત્વ વિશે ચર્ચા કરે છે.<br>સંચાલનનાં વિવિધ કાર્યો વચ્ચેના આંતરસબંધોનું વર્ણન કરે છે.<br>સંચાલનને કળા, વિજ્ઞાન અને વ્યવસાય તરીકે વર્ણવે છે.<br>જીવનના દરેક ક્ષેત્રમાં સંચાલનના સિદ્ધાંતોને સાર્વત્રિક રીતે લાગુ પાડવાનું પરીક્ષણ કરે છે. |
| | **OCM1202** | **નાણાકીય અને બજારપ્રક્રિયા (માર્કેટીંગ) સંચાલનના પાસાંઓને વર્ગીકૃત કરે છે અને તેની તુલના કરે છે.** |
| ● ધંધાકીય સાહસોની કામગીરીમાં નાણાકીય સંચાલનની ભૂમિકા ઓળખાવવી, તેનું વર્ણન કરવું.<br>● ભારતમાં નાણાકીય બજાર તંત્ર (રચના)ને સમજાવવી.<br>● અર્થતંત્રના વિકાસમાં બજારપ્રક્રિયા (માર્કેટિંગ) સંચાલનની ભૂમિકા વિશે ચર્ચા કરાવવી.<br>● ભારતમાં ગ્રાહક સુરક્ષા માટે કાનૂની માળખા (તકરાર નિવારણ સંસ્થાઓ)ની મૂલવણી વિશે સમજ આપવી. | OCM1202.1<br>OCM1202.2<br>OCM1202.3<br>OCM1202.4 | નાણા બજાર અને મૂડી બજારનાં સાધનોને વર્ગીકૃત કરે છે.<br>નાણાકીય સંચાલનના નિર્ણયોને રોકાણના નિર્ણયો, ધિરાણના નિર્ણયો અને ડિવિડન્ડના નિર્ણયોમાં વર્ગીકૃત કરે છે.<br>નવા ઉત્પાદન અથવા સેવા શરૂ કરવા માટે અભિવૃદ્ધિ મિશ્રનાં તત્ત્વો, ઘટકો, સાધનોની રચના કરે છે જેમકે જાહેરાત, વ્યક્તિગત વેચાણ, વેચાણ વૃદ્ધિ અને પ્રસિદ્ધિ તથા જાહેર સંપર્ક<br>ગ્રાહક સુરક્ષા ધારો-૨૦૧૯ મુજબ ગ્રાહકના અધિકારો અને કાનૂની માળખા (તકરાર નિવારણ સંસ્થાઓ)ને ઉદાહરણ સહિત રજૂ કરે છે. |

# ધોરણ-12 : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન અધ્યયન નિષ્પત્તિ

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| | **OCM1203** | **વિદ્યાર્થી....**<br>**ધંધાના પરિદૃશ્યનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરે છે.** |
| • વિદ્યાર્થીને ધંધાકીય પર્યાવરણના પરિબળોને સમજાવવા માટે યોગ્ય કેસ સ્ટડી (વ્યક્તિ અભ્યાસ) તૈયાર કરાવવો.<br>• કાયદાકીય, રાજકીય અને સામાજિક પર્યાવરણના ધંધા પરના પ્રભાવ વિશે ચર્ચા કરવી.<br>• સફળ ધંધાકીય ઉદ્યોગ સાહસિકોના વ્યક્તિગત અને સમુદાયોની વાસ્તવિક જીવનના અનુભવો/ વાર્તાઓ અને તેમના નવીન ધંધાકીય વિચારોનો દસ્તાવેજ તૈયાર કરાવવો.<br>• કાયદાકીય, રાજકીય અને સામાજિક પર્યાવરણના ધંધા પરના પ્રભાવ વિશે ચર્ચા કરવી. | OCM1203.1<br>OCM1203.2<br>OCM1203.3 | નાણાકીય નિયમનકાર તરીકે સેબી (SEBI)ના મહત્ત્વ વિશે ચર્ચા કરે છે.<br>ધંધાને અસરકારક રીતે સંચાલિત કરવામાં ધંધાકીય પર્યાવરણનાં પરિબળોને વર્ગીકૃત કરે છે.<br>ધંધાકીય પર્યાવરણને નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તરફ દોરી જાય છે અને તેનું વિશ્લેષણ કરે છે. |
| | **OCM1204** | **વિદ્યાર્થી....**<br>**ઉદાહરણ સહિત સંવેદનશીલતા અને મૂલવણીની કુશળતા બતાવે છે.** |
| • સફળ ધંધાકીય ઉદ્યોગ સાહસિકોના વ્યક્તિગત અને સમુદાયોની વાસ્તવિક જીવનના અનુભવો/ વાર્તાઓ અને તેમના નવીન ધંધાકીય વિચારોનો દસ્તાવેજ તૈયાર કરાવવો. | OCM1204.1<br>OCM1204.2<br>OCM1204.3 | ધંધાના પરિદૃશ્યમાં મહિલા ઉદ્યમીઓની ભૂમિકાને રજૂ કરે છે.<br>સમાજના સીમાંત વર્ગના સશક્તીકરણ માટે સામાજિક ઉદ્યોગસાહસિકતાની પહેલ કરે છે.<br>સર્વસમાવેશી વિકાસ માટે સમાજના અભિન્ન પાસા તરીકે ધંધાને સમજાવે છે. |

**એક એકીકૃત વ્યવસ્થામાં સૂચિત અધ્યાપન પ્રક્રિયા :**

વાણિજ્ય પ્રવાહ પસંદ કરનારા તમામ વિદ્યાર્થીઓ માટે વ્યવસાય શિક્ષણનો અભ્યાસક્રમ સમાન છે. એટલે તમામ વિદ્યાર્થીઓ સક્રિય રીતે અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં સામેલ થાય એ જરૂરી છે. વ્યવસાય-અભ્યાસના શિક્ષક માટે તે સમજવું મહત્વપૂર્ણ છે કે, પ્રત્યેક વિદ્યાર્થીની ભણવાની શૈલી જુદી જુદી હોય છે. વર્ગખંડમાં કેટલાક વિદ્યાર્થીઓ એવા પણ હોઈ શકે છે જેમને શીખવાની પ્રક્રિયામાં કેટલીક બાબતોમાં મુશ્કેલી પડતી હોય છે - જેમ કે, ભાષા, દૃશ્ય-અવકાશી પ્રક્રિયા અને મિશ્ર પ્રક્રિયા. તેમને અધ્યયનમાં શિક્ષક તરફથી વધારાની મદદની અને અભ્યાસક્રમમાં કેટલીક બાબતોમાં અનુકૂલન સાધવાની જરૂર પડી શકે છે. આમ, આવા વિશેષ જરૂરિયાતો ધરાવતાં બાળકોની વિશિષ્ટ આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને, શિક્ષકો માટે અહીં નીચે કેટલીક અધ્યાપન પ્રક્રિયા પ્રસ્તાવિત કરાઈ છે.

1. તેમની આજુબાજુમાં સર્જાતી આર્થિક અને બિન-આર્થિક પ્રવૃત્તિઓના પ્રકારો સમજાવવા માટે રોજિંદા જીવનનાં ઉદાહરણોનો ઉપયોગ કરો. વિદ્યાર્થીની વિશેષ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સારી રીતે નિર્ધારિત શિક્ષણ અનુક્રમે અનુસરો. શિક્ષક એ શોધી શકે છે કે, વિદ્યાર્થી પહેલાંથી કેટલું જાણે છે અને તે મુજબ તે/તેણીને ભણાવી શકે છે.
2. ચર્ચા, પ્રશ્નોત્તરી, કાર્યક્રમ, વાંચન પ્રવૃત્તિ વગેરે સાથે જોડાયેલી સામૂહિક પ્રવૃત્તિઓનું આયોજન કરો.
3. વિવિધ રીતે શીખવો અને મૂલ્યાંકન કરો, ઉદાહરણ તરીકે, વિવિધ ક્ષેત્રોની સ્થળ મુલાકાતનું આયોજન કરો, વાસ્તવિક જીવનનાં ઉદાહરણો, પ્રોજેક્ટ કાર્ય વગેરે દ્વારા.
4. મોલ, સાપ્તાહિક હાટડીઓ, વેપાર મેળાઓ જેવા બજારોનું પર્યટન, પ્રવાસ અને મુલાકાતનું આયોજન કરો. (શૈક્ષણિક પ્રવાસ)
5. દૃશ્ય અથવા ગ્રાફિક્સ દ્વારા પ્રસ્તુતીકરણ, કોષ્ટક, ફ્લો ચાર્ટ, પોસ્ટરો વગેરેના માધ્યમોનો ઉપયોગ કરો.
6. કટ અને પેસ્ટ જેવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલાં સામૂહિક કાર્યનું આયોજન કરો અને નિયમો-સિદ્ધાંતોને સમજાવવા માટે સચિત્ર પ્રસ્તુતીકરણ, નમૂનાઓ, ચિત્રો, પોસ્ટરો, ચમકતાં પાટિયાં અથવા કોઈપણ આંખેથી દેખાય તેવી વસ્તુઓનો ઉપયોગ કરો.
7. પાઠ્યપુસ્તકની સામગ્રીને સમજવામાં વિદ્યાર્થીઓને મદદ મળી રહે તેના માટે સામયિકો, કાપલી ચોટાડેલું પુસ્તક અને અખબારો વગેરેનો ઉપયોગ કરો.
8. વિદ્યાર્થીઓ કેટલું શીખ્યા છે તે ચકાસવા માટે સંબંધિત પ્રશ્નો પૂછતા રહેવું જોઈએ, જેથી ખબર પડે કે વિદ્યાર્થીએ આખરે કેટલી માહિતી આત્મસાત કરી છે.
9. જે બાળકોને મૌખિક રીતે લખવા અથવા સમજાવવામાં મુશ્કેલી પડે છે તેવાં બાળકોના પ્રતિસાદ મેળવવા માટે વૈકલ્પિક પસંદગીના પ્રશ્નોનો ઉપયોગ કરવો.
10. વિદ્યાર્થી કેટલા સમયમાં અધ્યયન નિષ્પત્તિ પૂરી કરી શકે છે તેને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓની સંખ્યામાં વધારો કે ઘટાડો કરો.



DTP-PC-1:\ GSEB\ 2022\ Adhyan_Nispati\ Std-9,10_Vanijya_vyavastha